| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૨/૦૭/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૫૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૫૩૭ | ૫ | ૯૫૪૨ | ૧૫૫૯૫ | ૫ | ૧૫૬૦૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૫ | ૦ | ૪૨૬૫ | ૫૭૮૧ | ૦ | ૫૭૮૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૧૧૬૪ | ૧૮૩ | ૧૧૩૪૭ | ૧૧૭૯૭ | ૧૫૩ | ૧૧૯૫૦ |
| કુલ | | ૨૫૦૦૯ | ૧૮૮ | ૨૫૧૯૭ | ૩૩૩૭૬ | ૧૫૮ | ૩૩૫૩૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૩ | ૬,૬૦,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૯૧૪ | ૯,૮૨,૮૦૦/- |

# વાહન ચોરી આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન:-

## મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા અ.હેડ.કોન્સ.ભરતભાઇ ધુળાભાઇ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ.મોહસીન યાસીનભાઇ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર મોહસીન ઉર્ફે લવલી સુબરાતીભાઇ રંગરેજ ઉ.વ.૧૬ રહે : એચ/૮૬ ચંડોળા તળાવના છાપરા અલ ખલીલ મસ્જિદની પાછળ ઇસનપુર અમદાવાદ શહેર નાને ચોરીના ટીવીએસ જ્યુપીટર નં.જીજે-૦૧-જે.યુ.૨૩૯૦ કિ,રૂ,૩૫,૦૦૦/ના મુદ્દામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન પાર્ટ એ નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૭૬૧/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ-૩૭૯ મુજબ નો ગુનો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢેલ છે.

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :-

### શાહીબાગ પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૧૨૦૧૩૨૦/૨૦૨૦ IPC ૩૭૯ ના કામના ગુનાના આરોપીને મુદામાલ સાથે પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

અધિક પો.કમી.શ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમી.શ્રી “જી” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર મેઘાણીનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ તથા પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા અનાર્મ હે.કો. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં.૮૩૩૮ તથા અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ તથા અનાર્મ લોકરક્ષક નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૧૧૦૩ તથા અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦ નાઓ મીલકત સબંધી ગુના શોધવા તથા અટકાવવા સારૂ મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમીયાન પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ તથા અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ નાઓની બાતમી હકીકત આધારે આરોપી રોશન ઉર્ફે છોટુ સ/ઓ નારાયણ નરસ્સપા જાતે યેરોલ ઉવ-૨૦ (જન્મ તા:-૧૧/૦૭/૨૦૦૦) રહેવાસી- છગનજીની વાડી મહાકાળી મંદીરની પાછળ જુના એરપોર્ટ પાસે છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓને ચોરીના એક્ટીવા નંબર - જીજે.૦૧.એલ.એસ.૫૫૮૬ ની કિ.રૂ.૪૦૦૦/- ના મત્તાના મુદ્દામાલ સાથે તા- ૦૮/૦૭/૨૦૨૦ ના કલાક ૧૨/૦૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી પાડી શાહીબાગ પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૧૨૦૧૩૨૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ ના ગુનાના આરોપીને મુદામલ સાથે પકડી પાડી સારી તેમજ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

આરોપીનું નામ સરનામુ (૧) રોશન ઉર્ફે છોટુ સ/ઓ નારાયણ નરસ્સપા જાતે યેરોલ ઉવ-૨૦ (જન્મ તા:-૧૧/૦૭/૨૦૦૦) રહેવાસી- છગનજીની વાડી મહાકાળી મંદીરની પાછળ જુના એરપોર્ટ પાસે છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી (૧) પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ તથા (૨) પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા (૩) અનાર્મ હે.કો. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં.૮૩૩૮ તથા (૪) અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ તથા (૫) અનાર્મ લોકરક્ષક નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૧૧૦૩ તથા (૬) અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :-

## અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૮૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૦૨,૩૪,૧૨૦(બી),૧૪૭,૧૪૯ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગંભીર પ્રકારના ગુનાના આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

સયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી “જી” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી મેઘાણીનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ એ.એસ.આઇ દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ તથા એ.એસ.આઇ દીલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં.૭૬૨૦ તથા પ્રો.એ.એસ.આઇ દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા અનાર્મ હે.કો.અશ્વીનભાઇ મણીલાલ બ.નં.૮૭૨૦ અનાર્મ પો.કો.ભરતસિંહ ભુપતસિંહ બ.નં.૮૫૨૮ તથા અનાર્મ પો.કો દિનેશભાઇ જેઠાભાઇ બ.નં.૧૧૭૯૬ તથા અનાર્મ પો.કો. યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૩૧૪૬ તથા આનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં. ૧૪૮૦ તથા અનાર્મ લોકરક્ષક નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૧૧૦૩ તથા અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ તથા અનાર્મ લોકરક્ષક કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૧૨૪૩ તથા અનાર્મ લોકરક્ષક ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ તથા અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ નાઓ મેઘાણીનગર પો.સ્ટે. વિસ્તારમા શરીર સબંધી ગુનાઓ અટકાવવા સારૂ પેરોલીંગમા હતા દરમ્યાન પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ નાઓની બાતમી હકીકત આધારે આરોપી રાકેશસીંગ જલસીંગ જાતે ભદોરીયા ઉવ-૫૫ ધંધો-કલરકામ રહેવાસી- બિરેનશેઠની ચાલી વી.વી. તોમર સ્કૂલની સામે ભાર્ગવ રોડ વિધ્યાનગર મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ.ગામ-ખેરાટ તા:- થાના:-અટેર જીલ્લો-ભીંડ રાજ્ય-મધ્યપ્રદેશ નાઓને તા- ૧૦/૦૭/૨૦૨૦ ના કલાક ૧૬/૦૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(આઇ) મુજબ પકડી પાડી અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૮૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૦૨,૩૪,૧૨૦(બી),૧૪૭,૧૪૯ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગંભીર પ્રકારના ગુનાના આરોપીને પકડી પાડી સારી તેમજ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

### આરોપીનું નામ સરનામુ

રાકેશસીંગ જલસીંગ જાતે ભદોરીયા ઉવ-૫૫ ધંધો-કલરકામ રહેવાસી- બિરેનશેઠની ચાલી વી.વી. તોમર સ્કૂલની સામે ભાર્ગવ રોડ વિધ્યાનગર મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ.ગામ-ખેરાટ તા:- થાના:-અટેર જીલ્લો-ભીંડ રાજ્ય-મધ્યપ્રદેશ

## કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ તથા (૩) એ.એસ.આઇ દીલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં.૭૬૨૦ તથા (૪) પ્રો.એ.એસ.આઇ દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા (૫) અનાર્મ હે.કો.અશ્વીનભાઇ મણીલાલ બ.નં.૮૭૨૦ તથા (૬) અનાર્મ પો.કો.ભરતસિંહ ભુપતસિંહ બ.નં.૮૫૨૮ તથા (૭) અનાર્મ પો.કો દિનેશભાઇ જેઠાભાઇ બ.નં.૧૧૭૯૬ તથા (૮) અનાર્મ પો.કો. યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૩૧૪૬ તથા (૯) આનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં. ૧૪૮૦ તથા (૧૦) અનાર્મ લોકરક્ષક નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૧૧૦૩ તથા (૧૧) અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ તથા (૧૨) અનાર્મ લોકરક્ષક કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૧૨૪૩ તથા (૧૩) અનાર્મ લોકરક્ષક ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ તથા (૧૪) અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫



# જુગારના આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

### જુગારનો કવોલોટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી દારુ/જુગારની અસામાજિક પ્રવુતિઓ શોધી કાઢવા અંગે મળેલ સુચના અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.શ્રી ની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં-૭૭૯૦ તથા અ.હેડ.કોન્સ.વિજયસિહ રજુજી બ.નં. ૯૦૩૬ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૧૩૯૪ વિગરે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો.રણજીતસિહ ટેમંતસિહ તથા પો.કો. ગજેન્દ્રસિહ મખુભા નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી વલીમોહમદ પીરમહમદ શેખ ઉ.વ.૫૫ રહે : મનુપાર્ક સોસા.એકતાનગરની સામે લવ પાન પાર્લરની બાજુમાં દાણીલીડા અમદાવાદ શહેર નાને બોમ્બે વરલી મટકાનો આંક ફરકનો સટ્ટાબેટીંગનો પૈસાની લેતીદેતી વાળો સટ્ટા બેટીંગનો જુગાર રમી રમતા રોકડા રૂ,૧૪,૩૦૦/ તથા સટ્ટા સ્લીપ નંગ-૧ કિ,રૂ,૦૦/૦૦ તેમજ બોલપેન નંગ-૧ કિ,રૂ,૦૦/૦૦ મળી કુલ્લે કિ,રૂ,૧૪,૩૦૦/ ના મુદામાલ સાથે પકડી લઇ સદરીની પુછપરછ કરતા સદર જુગારનો સટ્ટો દાણીલીમડા પીરકમાલ ખાતે રહેતા શાહરુખ રંગરેજ તથા સહીદ ઉર્ફે મુન્ના રંગરેજ નામના માણસ પાસે લખાવતા હોવાનું જણાવતા સદરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો કવોલોટી શોધી કાઢેલ છે.

**વટવા પોલીસ સ્ટેશન :-**

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ

મે.અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી નિપૂણા તોરવણે સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન અહિરે સાહેબ તથા મ.પો.કમિ. "જે" ડીવીઝન શ્રી આર.બી. રાણા સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ આજરોજ રાખવામા આવેલ કોંબિંગ નાઇટ દરમ્યાન પ્રોહી/જુગારના કેસો શોધવા માટે વટવા પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડના અ.પો.કો.પ્રતિપાલસિંહ પ્રવિણસિંહ તથા અ.પો.કો. ભરકુમાર દેવશીભાઇ નાઓની ચોક્કસ બાતમી હકિકત આધારે આજરોજ તા.૧૨/૦૭/૨૦૧૯ ના કલાક 03.00 વાગે વટવા વ્રજભુમી સોસાયટીના કોમન પ્લોટના સ્ટ્રીટ લાઇટના અંજવાળામા જાહેરમાં પૈસા પાનાથી જન્ના મન્નાનો હારજીતનો જુગાર રમતા આરોપી નામે (૧) શંશીકાંત ધંનશ્યામભાઇ કોષ્ટી ઉ.વ.૪૩ રહે.મ.નં.૩૯ વ્રજભુમી સોસાયટી પી.ડી. પંડ્યા કોલેજ રોડ ઘોડાસર અમદાવાદ શહેર + ૮ = ૯ નાઓને (૧) ગંજીપાના ૫૨ નંગ જેની કિ.રૂ.00/- (૨) અંગઝડતીના તથા દાવના નાણાં કુલ્લે રોકડા રૂ.૨૧૪૮૦/- (૩) અલગ અલગ કંપનીના આઠ મોબાઇલ ફોન કિ.રૂ.૬૪૦૦૦/- મળી કુલ્લે રૂ. કુલ્લે રૂ.૮૫૪૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી વટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.પાર્ટ બી-૦૬૪૧/૨૦૨૦ ધી જુગારા ધારા કલમ ૧૨ મુજબ કાયદેસર કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.તા.૧૨.૦૭.૨૦૨૦



# પ્રોહીબીશન આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

## પ્રોહિબિશનનો કવોલોટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી દારુ/જુગારની અસામાજિક પ્રવુતિઓ શોધી કાઢવા અંગે મળેલ સુચના અન્વયે સિનિ. પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ. મોહસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ બ.નં ૫૬૮૮ તથા પો.કો.વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ તથા પો.કો.રફીક યુનુસભાઇ બ.નં.૪૪૯૮ વિગરે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો.રફીક યુનુસભાઇ તથા પો.કો.ઉપેન્દ્રસિહ દશરથસિહ તથા પો.કો. વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ નં.(૧) મુજફ્ફર હુસેન ઉર્ફે મુન્ના ગુલામફારુક છીપા ઉ.વ.૪૫ રહે : હાલ શાહઆલમનગર ગલી નં-૨ શાહીન સ્કુલની સામે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર તથા મુ.વતન ગણેશનગર પાયડા ઉદયપુર રાજસ્થાન (૨) યુનુસ યુસુફભાઇ શેખ ઉ.વ.૩૫ રહે : એ/૨૧ ગુલમહોર ટેર્નામેન્ટ મહેરુનગર સીટીજનની બાજુમાં બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર (૩) નિજામુદીન રુકબુદીન કાઝી ઉ.વ.૩૬ રહે : મ.નં.૪૯ ગુલમહોર ટેર્નામેન્ટ બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓ ભારતીય બનાવટની વિદેશી દારુ (૧) BAGPIPER CLASSIC WHISKY બ્રાન્ડની 750/ મિ.લી.ની સીલબંધ બોટલો નંગ-32 (૨) ROYAL CHALLENGE Claassic Premium WHISKY બ્રાન્ડની 750/ મિ.લી.ની સીલબંધ બોટલો નંગ-12 (૩) MC Dowell's No1 DELUXE COLLECTION WHISKY બ્રાન્ડની 375/ મિ.લી.ની સીલબંધ બોટલો નંગ-23 (૪) SEAGRAM'S BLENDERS PRIDE SELECT PREMIUM WHISKY બ્રાન્ડની 750/ મિ.લી.ની સીલબંધ બોટલો નંગ-૧૧ (૫) TUBORG PREMIUM BEER બ્રાન્ડની ૬૫૦ મિ.લી.ની કાચની સીલબંધ બિયર નંગ-૨૩ (૬) Officers Choice CLASSIC WHISKY બ્રાન્ડની ૭૫૦ ml ની સીલબંધ બોટલો નંગ-૯૪ નો જથ્થો દાણીલીમડા બેરલ માર્કેટ ફૈસલનગર ખાતે રહેતા બગ્ગા નામના માણસને વેચાણથી આપવા સારુ પોતાના કબજામાં રાખી લઇ રેડ દરમ્યાન સદરી આરોપીઓને ઉપરોકત સીલબંધ બોટલો નંગ-૧૯૫ ની કુલ્લે કિ.રૂ.૯૯,૪૫૦/- તથા સીએનજી ઓટો રીક્ષા નં.જીજે.૨૭.વાય. ૭૦૪૯ આશરે કિ,રૂ,૮૫,૦૦૦/ મળી કુલ્લે કિ,રૂ,૧,૮૪,૪૫૦/ ના મુદામાલ સાથે પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહિ.નો કવોલીટી કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :--

### આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નં.(૧).કૃષ્ણનગર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૧૭૪૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૮૧,૯૮(૨) મુજબના પ્રોહીબીશન સબંધેના ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:PCB/DTN/PASA/૪૫૫/૨૦૨૦ તા.૧૦/૦૭/૨૦૨૦ ના હુકમ આધારે તા.૧૨/૦૭/૨૦૨૦ ના કલાક:૧૨/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૧૨/૦૭/૨૦૨૦

આરોપીનું નામ :- શ્રી અંકેશ રાજુભાઇ પરમાર ઉ.વ.૨૦ ધંધો:-છુટક મજુરી રહે.એફ વોર્ડ અરજણદાસના બંગલાની સામે બળીયાદેવના મંદીર પાસે કુબેરનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



## **શાહપુર પોલીસ સ્ટેશન :-**

## **આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત શરીર સબંધીના ગુનામાં**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક/PCB/DTN/પાસા/૪૫૮/૨૦૨૦ તા.૧૦/૦૭/૨૦૨૦ ના હુકમ આધારે સોએબ ઉર્ફે ભુરીયો સ/ઓ સલીમભાઇ શેખ ધંધો-રિક્ષા ડ્રાઇવીંગ ઉ.વ.૨૯ રહે.મ.નં.૨૯૨૪, કુંભારવાળી પોળ શાહપુર વડ શાહપુર અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ શરીર સબંધી ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૧૧/૦૭/૨૦૨૦ ના કલાક ૧૪/30 વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "લાજપોર-સુરત" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૧૧/૦૭/૨૦૨૦

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૩૭૧ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૭/૨૦૨૦**

**શાહીબાગઃ** રીચા વા/ઓ ધવલકુમાર અમીન (ઉ.વ.૩૩) (રહેઃ ખડકધારેશ્વર સોસાયટી મધુવન કમ્પાઉન્ડ ડફનાળા રોડ શાહીબાગ) એ તા.૧૧/૦૭/૨૦૨૦ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે રીચા અમીનએ ઓનલાઇન " એથેનીક્મેનીયા નામની વેબસાઇડ " ઉપર વિન્ટેજ પિન્ટેડ હેરમ કિમત રૂપિયા ૧૯૯/- નો ઓર્ડર કરતા તા.૦૧/૦૭/૨૦૨૦ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે સામેથી જણાવેલ કે તમારી મંગાવેલ વસ્તુ સ્ટોકમાં ન હોવાથી તમારો ઓર્ડર કેન્સલ કરવામાં આવે છે તેમ કહી વિશ્વાસમાં લઇ એપ ડાઉનલોડ કરાવી રીચા અમીનના ડેબિટ કાર્ડની માહિતી મેળવી રીચા અમીનના ખાતામાંથી કુલ રૂપિયા ૩૪,૯૦૭/- ઓનલાઇન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી.એ.કે.પટેલ ચલાવે છે.

**સરદારનગરઃ** સંદિપ સ/ઓફ કમલેશભાઈ કટારીયા (ઉ.વ.૨૦) (રહે. સત્કાર બંગ્લોઝ નવનીલ પાર્ટી પ્લોટ સામે નાના ચિલોડા) એ તા.૧૧/૦૭/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૦૬/૦૭/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૬૭૨૨૪૭૫૮૦ ના ધારકે પોતાનુ નામ વોકાસ પટેલ જણાવી વિશ્વાસમાં લઈ સંદિપ કતારીયાના પે-ટીએમ એકાઉન્ટમાં સોફાના ખરીદીના પૈસા મોકલવા છે તેમ કહી સંદિપ કતારીયાના વોટસએપમાં QR-CODE મોકલી સંદિપ કટારીયાના મિત્ર જય ગુપ્તાના એસ.બી.આઈ. બેન્કના ખાતામાંથી કુલ રૂપિયા ૩૭,૫૦૦/- ઓનલાઇન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી. એચ.બી પટેલ ચલાવે છે.

**રામોલઃ** જયેશભાઈ દયારામભાઈ લોધા (ઉ.વ.૨૬) (રહે.દેવનંદન સુપ્રીમસ કેનેરા બેંકની બાજુમાં આર.એ.એફ.કેમ્પ સામે વસ્ત્રાલ) એ તા.૧૧/૦૭/૨૦૨૦ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૦૧/૦૩/૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) બલરામ તિવારી (જેના સરનામાની ખબર નથી) અને (૨) ઉત્તમભાઈ તલસાજી સુથાર (રહે. બી/૪૦૧ દીપેશ્વરી એવન્યુ આમ્રકુંજ સોસાયટી પાસે મનોહર વિલા નજીક નવા નરોડા) એ ભેગા મળી જયેશભાઈને મકાન અપાવવાનુ કહી જયેશભાઈ પાસેથી રોકડ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મેળવી લઈ મકાન નહી અપાવી કે પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી. દિનેશકુમાર મણીલાલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૮/૨૦૨૦**

**ખાડીયાઃ** રચના અખીલેશકુમાર ભગત (રહે. સિધ્ધિની પોળ કોટની રાંગ રાયપુર) એ તા.૧૧/૦૭/૨૦૨૦ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૦ સવારના ૧૦/૦૦ થી તા.૧૧/૦૭/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.ગોસ્વામી ચલાવે છે.

**સેટેલાઈટઃ** અવધભાઇ જયેશભાઇ ગોંધીયા (રહે. સીગ્નોર રેસીડડન્સી કોટેશ્વર મોટેરા રોડ સાબરમતી) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૦ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ પ્રેર્ણાતિર્થ દેરાસર રોડ પર શાસન કોમ્પ્લેક્ષમા પહેલા માળે દુકાન નંબર ૧૧૧ ટ્રાવેલ વેબ ટુર્સ નામની ઓફીસના દરવાજાનુ તાળુ તોડી આરોપી (૧) મિતેષભાઇ નયનભાઇ શાહ (રહે.સીધશીલા એપાર્ટમેન્ટ પેરણાતિર્થ દેરાસર સામે સેટેલાઇટ) (૨) મિતેષભાઇ શાહના કાકા જયેશભાઇ શાહ (૩) એડવોકેટ ભાવીન પટેલ અને (૪) એક અજાણ્યો પુરૂષ ભેગા મળી દુકાનમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા તથા ચીજવસ્તુ મળી કુલ રૂપિયા ૧,૫૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.લીબોલા ચલાવે છે.

**મણીનગરઃ** હેમલ મુકેશભાઈ મોદી (રહે. ગાંધી પાર્ક સોસાયટી અંબાજી માતા મંદિરની બાજુમાં મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૦ સવારના ૯/૩૦ થી સાજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાંથી લેપટોપ કિમત રૂપિયા ૩૭,૯૯૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.એસ.ગઢવી ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રીતેશ હરીશભાઇ લીમ્જે (રહે.રાધે રેસીડન્સી આકાશ ગંગા બગ્લોઝની બાજુમાં સેન્ટ મેરી સ્કુલ પાછળ નવા નરોડા) એ તા.૧૧/૦૭/૨૦૨૦ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૦ સવારના ૧૧/૦૦ થી તા.૧૦/૦૭/૨૦૨૦ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના રસોડાની બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અનેરોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.વાઘેલા ચલાવે છે.

**<u>પાચમાં માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૫૯/૨૦૨૦</u>**

**નિકોલઃ** નિકોલ ભક્તિ એંક્લેવ રોડ મલ્હાર હીલ પાછળ વિવાંતા સ્ટેટસ ખાતે મજુરી કરતા અને ત્યા જ રહેતા રણછોડ ઝાલુંભાઇ ડામોર (ઉ.વ.૪૦) (મુળવતન. ગામ-ઝરણી તા-સીમલવાડા જી-ડુંગરપુર રાજસ્થાન) તા.૧૦/૦૭/૨૦૨૦ રાતના સમયે સાઈટના પાંચમાં માળે પેરાફીટ પાસે સુતા હતા ત્યારે પાચમાં માળેથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ રણછોડભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૬૦/૨૦૨૦</u>**

**સોલા હાઈકોર્ટઃ** મહીપતસિંહ બાબુજી ગોહિલ (રહે. ચામુંડા અર્ધનગર ગોતા હાઉસીંગ ગોતા) એ પુત્ર મૃત્યુ પામતા આઘાત લાગતા તા.૧૧/૦૭/૨૦૨૦ બપોરના ૧/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સોલા સીવીલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**વાસણાઃ** કમલેશભાઇ અરવિંદભાઇ મિયાત્રા (ઉ.વ.૪૬) (રહે. આઝમ સોસાયટી બળીયાદેવના મંદિર પાસે જીવરાજ રોડ વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

**બાપુનગરઃ** મનોજકુમાર સોમચંદ સોની (ઉ.વ.૫૧) (રહે. બ્લોક નંબર ૪૦૭/૨૨૭૦ ગુજરાત હાઉસીંગ બોર્ડ ખોડીયાર માતાનાં મંદિર પાછળ બાપુનગર) એ બિમારીથી કંટાળી તા.૧૧/૦૭/૨૦૨૦ સવારના ૯/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.રાઓલ ચલાવે છે.

**ઓઢવ**ઃ મિતેષકુમાર લાલજીભાઇ પટેલ (ઉ.વ.૩૬) (રહે. ચંદ્ર સોસાયટી, રાજેન્દ્ર પાર્ક રોડ, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૭/૨૦૨૦ કલાક ૩/૦૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતીલાલ જીવાજી ચલાવે છે.

**નિકોલ**ઃ પૃથ્વીરાજસિંહ પ્રવિણસિંહ ઝાલા (ઉ.વ.૨૮) (રહે. આલોક સો હાઉસ ગાયત્રી સ્કુલ પાછળ વેરાના કાઠે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૭/૨૦૨૦ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચીમનસિહ ગુલાબસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી